# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/ક્વા-૨/૧૯-૨૦/૬૯૧૨–૩** **તા. ૧૬–૧૦–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૬/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **નકુમ કેશા હીરા ગામ: ખંભાલીયા ગ્રામ્ય**
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે ભાવેશ કેશા નકુમ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - ખંભાલીયા
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી આર.વિ.સોમાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી - ખંભાલીયા

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૦૯-૧૦-૨૦૧૯( બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪-૦૯-૨૦૧૯ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં **અરજદાર હાજર રહેલ ન હતા. પીજીવીસીએલ તરફથી** કાર્યપાલક ઈજનેર શ્રી આર.વિ.સોમાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી - ખંભાલીયા **હાજર રહેલ હતા. ત્યારબાદ** સદર કેસની સુનાવણી તા. ૦૯-૧૦-૨૦૧૯( બુધવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ બંને પક્ષકારો **હાજર રહેલ હતા.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર નકુમ કેશા હીરા ગામ -ખંભાલીઆ, તેઓની અરજીના નોંધણી નં: ૧૬/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓએ દાતા ગ્રામ પંચાયત ની હદમાં સર્વે નંબર: ૬૧૩ માં ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે પીજીવીસીએલ ના ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ખંભાળીયા માં અરજી કરેલ છે. તેઓનો સદર સર્વે નંબર તેઓ સીવાયના બીજા બે ભાઈઓ સાથે સંયુકત માલીકી હકક થી આવેલ છે. તાજેતરમાં તેઓના વીજજોડાણ અંગે નો સર્વે કરાતા – તેઓની સદર જમીન પર ગ્રાહક નં. – ૩૩૦૭૧/૦૦૩૦૦/૫ ( ૭.૫ હોપા) થી કેશા હિરા નકુમ નામથી ખેતીવાડી વીજજોડાણ મળી ગયેલ છે. પરંતુ, તેઓ ત્રણેય ભાઈઓ અલગ – અલગ ભાગમાં ખેતી કરતા હોય, ત્રણેય ના હિસાબો અલગ–અલગ રહેતા હોય – તેઓનો ત્રીજા ભાગનો પિયત નો હકક અબાધિત રહેતો હોય – તેઓએ હજુ એક વીજજોડાણ મેળવવા માટે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે-ખંભાળિયા રૂરલ પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા દાંતા ગામ ના રે. શ્રી નકુમ કેશાભાઈ હીરાભાઈએ ખેતીવાડી સર્વે નંબર - ૨૫૧/પૈકી ૪ જે નવા પ્રમોલગેશન એન્ટ્રી બાદ સર્વે નંબર ૬૧૩ એ મુકામ દાંતા ખાતે નવું ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે રૂ: ૨૦૦/- પહોંચ નંબર ૬૨૭૭૭૧ , તા: ૧૪-૦૫-૧૮ ના રોજ ભરપાઈ કરીને અરજી કરેલ છે. ક્રમાંનુસાર વારો આવતા તા: ૨૯-૦૫-૨૦૧૯ના રોજ અત્રેની કચેરી દ્વારા સ્થળ પર સર્વે માટે ગયેલ ત્યારે ધ્યાનમાં આવેલ કે આ સર્વે નંબરમાં જેરામભાઈ હિરાભાઈ નકુમ ના નામનું ગ્રાહક નંબર. ૩૩૦૭૧-૦૦૩૦૦-૫ થી ખેતીવાડી વીજ જોડાણ હયાત છે.ઓફિસ રેકોર્ડ ચકસતા આ વીજ જોડાણ તારીખ ૦૩.૧૨.૨૦૦૯ ના રોજ રિલિજ કરેલ છે.

૩.૧ અરજદાર શ્રી કેશાભાઈ હિરાભાઈ નકુમ એ તા:૧૪-૦૫-૨૦૧૮ ના રોજ વીજ જોડાણ મેળવવા માંગણી કરેલ ત્યારે આ સર્વે ન.૨૫૧/પૈકી ૪ ૮૬૧૩) જેમનું કુલ ક્ષેત્રફળ ૨-૬૨-૫૪ તેમજ ત્રણ ભાઇઓના (કેશાહીરા ,જેરામ હીરા , રવજી હીરા) ના સયુંક્ત ખાતે છે. અને અન્ય હિસ્સેદાર દ્વારા કેશા હીરા ની તરફેણ માં નોટરાઇજ્ડ ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરેલ છે.
આમ સર્વે બાદ અને અરજદારે રજૂ કરેલ દસ્તાવેજ ચકસતા કુલ જમીન ૮ એકર કરતાં ઓછી હોવાથી પરિપત્ર નંબર જીયુવીએનએલ/ટેક-૨/આરએનઆર/૨૦૪૪ તા:૨૫-૧૦-૧૬ મુજબ ૮ એકર કરતાં ઓછી જમીન માં બીજું જોડાણ મળવા પાત્ર ન હોય અરજદારને ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ખંભાળિયા દ્વારા પત્ર નંબર. કેઆરએસડી/ટેક/ ૩૦૨૫લતા:૨૧-૦૬-૨૦૧૯ થી એક જ સર્વે માં બીજું વીજ જોડાણ આપી શકાય નહીં તેની લેખિત જાણ અરજદાર ને કરવામાં આવતા અરજદારે નારાજ થઈને નામદાર ફોરમ સમક્ષ ઉપરોક્ત અરજી કરેલ છે.

૩.૨ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ના પત્ર નંબર કે આરએસડી/ટેક/૩૮૦૫ તારીખ ૩૦.૦૮.૨૦૧૯ મુજબ અરજદાર દ્વારા જે સર્વે નંબર ૬૧૩ માં વીજ જોડાણ મેળવવા માટે અરજી કરેલ છે તે સર્વે નંબર ત્રણ ભાઈઓ ના સયુંક્ત નામે હોય અને અને તે સર્વે નંબર માં હાલ જેરામભાઈ હિરાભાઈ નકુમ ના નામનું ગ્રાહક નંબર. ૩૩૦૭૧-૦૦૩૦૦-૫ થી ખેતીવાડી વીજ જોડાણ હયાત હોય તેમજ તે જગ્યા ૮ એકર થી ઓછી હોય હાલના પરિપત્ર નંબર જીયુવીએનએલ/ટેક-૨/આરએનઆર/૨૦૪૪ તા:૨૫-૧૦-૧૬ મુજબ જે તે સર્વે નંબર માં બીજું જોડાણ મળવા પાત્ર નથી આ સાથે નાયબ ઇજનેર ગ્રામ્ય પેટા વિભાગ ખંભાળિયા કચેરી ના પત્ર ની રજુ કરેલ છે તેમજ અરજદાર ને નકલ પાઠવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે-ખંભાળિયા રૂરલ પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા દાંતા ગામ ના રે. શ્રી નકુમ કેશાભાઈ હીરાભાઈએ ખેતીવાડી સર્વે નંબર - ૨૫૧/પૈકી ૪ જે નવા પ્રમોલગેશન એન્ટ્રી બાદ સર્વે નંબર ૬૧૩ એ મુકામ દાંતા ખાતે નવું ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે રૂ: ૨૦૦/- પહોંચ નંબર ૬૨૭૭૭૧ , તા: ૧૪-૦૫-૧૮ ના રોજ ભરપાઈ કરીને અરજી કરેલ છે. ક્રમાંનુસાર વારો આવતા તા: ૨૯-૦૫-૨૦૧૯ના રોજ અત્રેની કચેરી દ્વારા સ્થળ પર સર્વે માટે ગયેલ ત્યારે ધ્યાનમાં આવેલ કે આ સર્વે નંબરમાં જેરામભાઈ હિરાભાઈ નકુમ ના નામનું ગ્રાહક નંબર. ૩૩૦૭૧-૦૦૩૦૦-૫ થી ખેતીવાડી વીજ જોડાણ હયાત છે.ઓફિસ રેકોર્ડ ચકસતા આ વીજ જોડાણ તારીખ ૦૩.૧૨.૨૦૦૯ ના રોજ રિલિજ કરેલ છે. સદર બાબતે અરજદાર ને લેખીત પત્ર થી જાણકારી આપેલ છે.

૪.૨ અરજદાર દ્વારા રજુ કરેલ ગામ ના નમુના નં.–૧૬ મુજબ – દાંતા ગામ ના સર્વે નંબરઃ ૬૧૩ મા પિયત ના સાધનો તરીકે કબ્જેદાર ના નામ – દલ કેશા હિરા, દલ જેરામ હિરા વગેરે નોંધાયેલ છે. જયારે ગામ ના નમુના નં.–૬ હકકપત્રક નોંધ નં.૧૪૬૩ તા.૨૧–૦૮–૨૦૦૪ ની વિગત મુજબ – દલ કેશા હિરા તથા દલ જેરામ હિરા તથા રવજી હિરા એદાંતા ગામ ના ખેડુત શ્રી દલ વશરામ વેલા પાસેથી જમીન સર્વે નંબરઃ ૨૫૧ પૈકી માં – ૦૨ – ૭૧ – ૧૪ હેકટર ની જમીન તા.૨૦–૦૮–૨૦૦૪ થી વેચાણ લીધેલ છે.

૪.૩ પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨/આરએનઆર/૨૦૪૪ તા.૨૫–૧૦–૧૬ મા કરાયેલ જોગવાઈ ના મુજબ – અરજદાર / ગ્રાહક આઠ (૮) એકર કરતા વધારે ક્ષેત્રફળ હોય તેવા સળંગ એક જ સર્વે નંબરમાં બીજુ ખેતીવાડી વીજજોડાણ મેળવી શકશે.....''

૪.૪ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૪.૧,૪.૨ અને ૪.૩ મુજબ ની વિગતે – ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અરજદાર ના માંગણી મુજબ ના સર્વે નંબરઃ ૬૧૩ માં અગાઉ થી જ જેરામભાઈ હિરાભાઈ નકુમ ના નામનું ગ્રાહક નંબર. ૩૩૦૭૧-૦૦૩૦૦-૫ થી ખેતીવાડી વીજ જોડાણ હયાત છે. જેથી, પેરા નં.–૪.૩ મુજબ – જીયુવીએનએલ ના પરીપત્ર મુજબ – અરજદાર ની અરજી મુજબ ખેતી વિષયક વીજજોડાણ મળી શકે નહી. સદર બાબત ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(શ્રી જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામુંઃ વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯